જૈન અંગ આગમમાં પૂજા શબ્દનો અર્થ[1]

દલસુખ માલવણિયા

જૈન વિશ્વભારતી, લાડનૂં દ્વારા પ્રકાશિત 'આગમ શબ્દકોશ'માં જૈન અંગ આગમોમાં જે જે શબ્દ જ્યાં જ્યાં આવ્યો છે તેનો સંદર્ભ આપવામાં આવ્યો છે. આથી પૂજા, પૂજના, પૂજાર્થી જેવા શબ્દો અંગ આગમોમાં ક્યાં ક્યાં વપરાયા છે તે શોધી કાઢવાનું સરલ થાય છે. એટલે તેનો આશ્રય લઈ અહીં પૂજાદિ શબ્દો અને તેના અર્થો જે ટીકાઓમાં આપવામાં આવ્યા છે તેનું તારણ આપવા પ્રયત્ન કર્યો છે.

ટીકાકારો તો પૂજાનો જે અર્થ કરે છે તેને પછી જોઈશું, પણ મૂળ સૂત્રમાંથી જ પૂજાનો જે અર્થ ફલિત થાય છે-સ્પષ્ટ થાય છે તે સર્વ પ્રથમ જોઈએ.

સૂત્રકૃતાંગના બીજા શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનમાં તૈર્થિકોની ચર્ચા કરવામાં આવી છે તેમાં લોકાયત કે ચાર્વાક કે શરીરને જ આત્મા માનનારના અનુયાયી પૂજા કઈ રીતે કરતા તેનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. તે પાઠ આ પ્રમાણે છે—"तुमं पूययामि, तं जहा-असणेण वा पाणेण वा खाइमेण वा साइमेण वा वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा" આગમોદય આવૃત્તિ પૃ. ૨૭૭. તેની દીલ્હીથી પ્રકાશિત ફોટો કોપી પૃ. ૧૮૫.

સ્પષ્ટ છે કે પૂજા એટલે પૂજ્યને અશનાદિ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પગલૂછણિયું—આદિ આપવાં તે જ પૂજા છે.

જ્યાં જ્યાં પૂજા શબ્દ અંગ આગમમાં આવે છે ત્યાં ટીકાકારો જે અર્થ કરે છે, તેનાં હવે કેટલાંક ઉદાહરણો જોઈએ.

સૂત્રકૃતાંગ (૧. ૧૪. ૧૧)માં પ્રાપ્ત પૂજા શબ્દનો અર્થ ટીકાકાર આ પ્રમાણે કરે છે-"अभ्युत्थानविनयादिभिः पूजा विधेयेति" આગમો૦ પૃ. ૨૪૫; દીલ્હી પૃ. ૧૬૪.

સૂત્રકૃતાંગ (૧. ૧૬.૪)માં "एत्थ वि णिग्गंथो णो पूयासक्कारलाभट्ठी" એવો પાઠ છે-તેની ટીકામાં જણાવ્યું છે—"नो पूजासत्कारलाभार्थी किन्तु निर्जरापेक्षी"—આગમો૦ પૃ. ૨૬૫; દીલ્હી પૃ. ૧૭૭.

સ્થાનાંગમાં (આગમો૦ સૂત્ર ૪૯૬) "छठाणा अणत्तवओ अहिताते असुनाते......भवंति । तं जहा...पूतासक्कारे । छठाणा अत्तवतो हिताते......भवंति । तं....जाव पूतासक्कारे" તેની ટીકામાં શ્રીઅભયદેવ જણાવે છે—"अनात्मवान् सकषायः इत्यर्थः...। पूजा स्तवादिरूपा, तत्पूर्वकः सत्कारो वस्त्राभ्यर्चनम, पूजायां वा आदरः पूजासत्कार इति" આગમો૦ પૃ. ૩૫૮; દીલ્હી પૃ. ૨૩૯.

સ્થાનાંગમાં છદ્મસ્થની ઓળખ પ્રસંગે જણાવ્યું છે—"सत्तहिं ठाणेहिं छउमत्थं जाणेज्जा। तं० पाणे अइवाएत्ता भवति......पूतासक्कारमणुवुहेत्ता भवति" આગમો૦ સૂત્ર ૫૫૦. તેની ટીકામાં આ પ્રમાણે છે—पूजासत्कारं-पुष्पाच्र्चन-वस्त्राद्यर्चने अनुबृंहयिता-परेण स्वस्य क्रियमाणस्य तस्य अनुमोदयिता, तद्भावे हर्षकारीत्यर्थः"—આગમો૦ પૃ. ૩૮૯; દીલ્હી પૃ. ૨૬૦.

સ્થાનાંગમાં (સૂત્ર ૭૫૬) "दसविहे आसंसप्पओगे......पूयासंसप्पतोगे—" દશ પ્રકારે મનુષ્ય પ્રશંસાવ્યાપાર કરતો હોય છે તેમાંનું એક છે પૂજાશંસાપ્રયોગ. આની ટીકામાં શ્રી અભયદેવ લખે છે—"तथा पूजा-पुष्पादिपूजनं मे स्यादिति पूजाशंसाप्रयोगः। આગમો૦ પૃ. ૫૧૫; દીલ્હી પૃ. ૩૪૪.

---

૧ આજકાલ જૈન સમાજમાં કેટલાક આચાર્યો જિન પ્રતિમાની જેમ પોતાનાં નવ અંગોની પૂજા કરાવે છે અને તે વિષે સમાજમાં વિવાદ ચાલે છે, તે સંદર્ભમાં પ્રસ્તુત લેખ લખવાની ઇચ્છા થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા આશંસાપ્રયોગ કરણીય નથી એવો અભિપ્રાય પણ શ્રી અભયદેવે આપ્યો છે. આ જ સૂત્રમાં **'સત્કારઆશંસા'** પૃથક્ ગણાવી છે અને તેની ટીકામાં ટીકાકાર જણાવે છે—"सत्कारः प्रवर-वस्त्रादिभिः पूजनम्, तन्मे स्यादिति सत्काराशंसाप्रयोग इति ॥" આ ઉપરથી જણાય છે કે સૂત્રકારને પૂજા **અને** સત્કાર એમ ઈષ્ટ છે, પૂજા **વડે** સત્કાર એમ નહિ.

સમવાયાંગ સૂત્રમાં ૩૬મા સમવાયમાં ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનો ગણાવ્યાં છે તેમાં અગિયારમું અધ્યયન 'બહુશ્રુતપૂજા' નામે છે. આમાં ગા. ૧૫–૩૦માં બહુશ્રુતની અનેક ઉપમાઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે. આ જ તેની પૂજા છે, એમ માનવું રહ્યું.

ભગવતી સૂ. ૫૫૬માં "पूयासक्कारथिरिकरणट्ठयाए" એવો પાઠ છે પણ તેની ટીકામાં માત્ર તેની સંસ્કૃત છાયા આપી છે. પૂજાનો અર્થ કર્યો નથી.

पूयण-पूयणा

આચારાંગ (૧. ૧. ૧)માં "इमस्स चेव जीवियस्स परिवंदणमाणपूयणाए" ઇત્યાદિ પાઠ છે જેને અનેકવાર પુનરાવૃત્ત કર્યો છે. આની ટીકામાં પૂજન વિષે શ્રી શીલાંક જણાવે છે—"पूजनं पूजा—द्रविणवस्त्रान्नपानसत्कारप्रणामसेवाविशेषरूपम्"—આગમો૦ પૃ. ૨૬, દીલ્હી પૃ. ૧૮.

આચારાંગ (૩. ૩. ૧૧૯)માં "दुहओ जीवियस्स परिवंदण-माणण-पूयणाए जंसि एगे पमायंति" પાઠ છે તેની ટીકામાં શીલાંક લખે છે—"तथा पूजनार्थमपि प्रवर्तमानाः कर्मास्रवैरात्मानं भावयन्ति-मम हि कृतविद्यस्योपचितद्रव्यप्राग्भारस्य परो दान-मान-सत्कार-प्रणाम-सेवाविशेषैः पूजां करिष्यतीत्यादि पूजनं, तदेवमर्थं कर्मोपचिनोति ।" આગમો૦ પૃ. ૧૬૯, દીલ્હી પૃ. ૧૧૩.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પાઠ છે— "न वि वंदणाते, न वि माणणाते न वि पूयणाते...भिक्खं गवेसियव्वं" જૈન વિશ્વભારતી પ્રકાશિત-ઈ. ૯. તેની ટીકામાં આ. અભયદેવે લખ્યું છે—"नापि पूजनया—तीर्थनिर्माल्यदानमस्तकगन्धक्षेपमुखवस्त्रिकानमस्कारमालिकादानादिलक्षणया" આગમો૦ પૃ. ૧૦૯.

સૂત્રકૃતાંગ (૧. ૨. ૨. ૧૧) માં પાઠ આવે છે—"जा विय वंदण-पूयणा इहं" તેની ટીકામાં આચાર્ય શીલાંક લખે છે—"राजादिभिः कायादिभिः वंदना, वस्त्रपात्रादिभिश्च पूजना" આગમો૦ પૃ. ૬૪; દીલ્હી પૃ. ૪૩.

સૂત્રકૃતાંગ (૧. ૩. ૪. ૧૭)માં પાઠ છે—"जेहिं नारीण संजोगा पूयणा पिट्ठतो कता" તેની ટીકામાં આ. શીલાંક લખે છે—"तथा तत्संगार्थमेव वस्त्रालंकारमाल्यादिभिः आत्मनः 'पूजना' कामविभूषा पृष्ठतः कृता" આગમો૦ પૃ. ૧૦૦; દીલ્હી પૃ. ૬૭

સૂત્રકૃતાંગ (૧. ૨. ૨. ૧૬)માં પાઠ છે—"नोऽवि य पूयणपत्थए सिया" તેની ટીકામાં આ. શીલાંક જણાવે છે—"न च उपसर्गसहनद्वारेण पूजा-प्रार्थकः प्रकर्षाभिलाषी स्यात् भवेत् ॥" આગમો૦ પૃ. ૬૫; દીલ્હી પૃ. ૪૪.

સૂત્રકૃતાંગ (૧. ૨. ૩. ૧૨)માં પાઠ છે—"निव्विंदेज्ज सिलोग-पूयणं" તેની ટીકામાં આ. શીલાંક લખે છે—"निर्विद्येत-जुगुप्सयेत् परिहरेत् आत्मश्लाघां स्तुतिरूपां तथा पूजनं वस्त्रादिलाभरूपं परिहरेत्" આગમો૦ પૃ. ૭૩, દીલ્હી પૃ. ૪૯.

સૂત્રકૃતાંગ (૧. ૯. ૨૨)માં પાઠ છે—व जा य वंदणपूयणा" તેની ટીકામાં આ. શીલાંક લખે છે—"तथा या च सुरासुराधिपतिचक्रवर्तिबलदेववासुदेवादिभिः वंदना, तथा तैरेव सत्कारपूर्विका वस्त्रादिना पूजना' આગમો૦ પૃ. ૧૮૧–૨, દીલ્હી પૃ. ૧૨૧–૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રકૃતાંગ (૧૫-૧૧)માં પાઠ છે—"वसुमं पूयणासु(स)ते अणासए" તેની ટીકામાં આ. શીલાંક લખે છે—"किं भूतोसौ अनुशासक इत्याह—वसु द्रव्यं, स च मोक्षं प्रति प्रवृत्तस्य संयमः, तद्विद्यते यस्यासौ वसुमान्, पूजनं देवादिकृतमशोकादिकमास्वादयति-उपभुङ्क्त इति पूजनास्वादकः। ननु चाधाकर्मणो देवादिकृतस्य समवसरणादेरुपभोगात् कथमसौ सत्संयमवान् इत्याशङ्क्याह—न विद्यते आशयः पूजाभिप्रायो यस्य असौ अनाशयः, यदि वा द्रव्यतो विद्यमानेऽपि समवसरणादिके भावतोऽनास्वादकोऽसौ, तद्गतगार्ध्याभावात्।" આગમો૦ પૃ. ૨૫૭; દીલ્હી પૃ. ૧૭૨.

पूयट्ठि

સમવાયાંગસૂત્ર (સમવાય ૩૦)માં ત્રીશ મહામોહનીય સ્થાનના વર્ણન પ્રસંગે ૩૪મી ગાથા નીચે પ્રમાણે છે—તેમાં ત્રીશમું સ્થાન છે—

"अपस्समाणो पस्सामि देवे जक्खे य गुज्झगे।
अण्णाणी जिणपूयट्ठी महामोहं पकुव्वइ ॥३४॥ આગમો૦ પૃ. ૫૧; દીલ્હી પૃ. ૩૪.

તેની ટીકામાં આ. અભયદેવ લખે છે—"अपश्यन्नपि यो ब्रूते पश्यामि देवानित्यादिस्वरूपेण, अज्ञानी जिनस्येव पूजा अर्थयते यः स जिनपूजार्थी, गोशालकवत्। स महामोहं प्रकरोतीति—" આગમો૦ પૃ. ૫૫; દીલ્હી પૃ. ૩૭.

पूयणकाम

સૂત્રકૃતાંગ (૧. ૪. ૧. ૨૯)માં ગાથા છે—

"बालस्स मंदयं बीयं जं च कडं अवजाणइ भुज्जो।
दुगुणं करेई से पावं पूयणकामो विसन्नेसी ॥ २९ ॥"

આ ગાથાની ટીકામાં આ. શીલાંક લખે છે—"किमर्थमपलपति इत्याह—पूजनं-सत्कारपुरस्कारस्तत्कामः—तदभिलाषी, मा मे लोके अवर्णवादः स्यादित्यकार्यं प्रच्छादयति—" આગમો૦ પૃ. ૧૧૪; દીલ્હી પૃ. ૭૬

पूयणट्ठि

સૂત્રકૃતાંગ (૧. ૧૦. ૨૩)માં ગાથા છે—

"सुद्धे सिया जाए न दूसएज्जा अमुच्छिए ण य अज्झोववन्ने।
धितिमं विमुक्के ण य पूयणट्ठी, न सिलोगगामी य परिव्वएज्जा ॥२३॥

તેની ટીકામાં આ. શીલાંક લખે છે—"तथा संयमे धृतिर्यस्यासौ धृतिमान्, तथा स बाह्याभ्यन्तरेण ग्रन्थेन विमुक्तः, तथा पूजनं वस्त्रपात्रादिना, तेनार्थः पूजनार्थः, स विद्यते यस्यासौ पूजनार्थी, तदेवंभूतो न भवेत्। तथा श्लोकः—

श्लाघा कीर्तिस्तद्गामी न तदभिलाषुकः परिव्रजेदिति।
कीर्त्यर्थी न काञ्चनक्रियां कुर्यादित्यर्थः ॥" આગમો૦ પૃ. ૧૯૫; દીલ્હી પૃ. ૧૩૦.

સ્પષ્ટ છે કે અંગ આગમોમાં પૂજા શબ્દનો મુખ્ય અર્થ પૂજ્યતાં અંગોની પૂજા—એવો નથી પણ પૂજ્યને આવશ્યક એવી વસ્તુનું સમર્પણ એ છે. એટલે પૂજા અને દાનમાં શો ભેદ—એ પણ અહીં વિચારણીય છે. પૂજા પૂજ્ય પાસે જઈ વસ્તુનું અર્પણ એ છે, જ્યારે પૂજ્ય પોતે દાતા પાસે જઈ લે તે દાન છે. આમ પૂજા અને દાનમાં ભેદ પાડી શકાય છે. પૂજા શબ્દને બદલે અર્ચા શબ્દનો પ્રયોગ જ્ઞાતાધર્મકથામાં દ્રૌપદીની કથામાં થયેલો છે, સમગ્ર અંગ આગમોમાં આ એક જ ઉલ્લેખ જિન પ્રતિમાની ચર્ચા વિષે છે. તે પણ અહીં નોંધવું જોઈએ. પાઠ છે—"जिणपडिमाणं अच्चणं करेइ"—નાયા૦ ૧. ૧૬. ૭૫૮ (જૈન વિશ્વભારતી, લાડનૂંની આવૃત્તિ.) આગમોદય સમિતિની નાયાધમ્મકહા મૂળમાં લાંબો પાઠ છે પણ ટીકામાં જણાવ્યું છે કે ઉપર પ્રમાણે સંક્ષિપ્ત પાઠ પણ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org